| | |
|---|---|
| દાવો રજીસ્ટર કર્યા તારીખ | ૧૯/૦૮/૨૦૧૪ |
| દાવો દાખલ કર્યા તારીખ | ૧૯/૦૮/૨૦૧૪ |
| દાવો ફેંસલ કર્યા તારીખ | ૩૧/૧૨/૨૦૨૪ |
| સમય મર્યાદા | વર્ષ માસ દિવસ |
| | ૧૦ ૦૪ ૧૨ |

# પેટલાદના મે.પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં મુ.પેટલાદ

**સ્પે.મુ.નં.૩૧/૨૦૧૭ (નવો નંબર)**

**સ્પે.મુ.નં.૧૮૧/૨૦૧૪ (આણંદ કોર્ટ જુનો નંબર)**

**આંક–૮૨**

## વાદીપક્ષ :–

(૧) પુરોહીત અરવિંદકુમાર મણીલાલ,
ઉ.વર્ષ.૬૩, ધંધો.નિવૃત,
રહે.૧૨, વામિલ પાર્ક, વિક્રમ સોસાયટી પાછળ,
એકસીસ બેંક સામે, ગોત્રી રોડ, વડોદરા,
તા.જી.વડોદરા.

(૨) પુરોહીત રક્ષાબેન તે મણીલાલ છગનલાલની દિકરી અને
ગિરીશકુમાર ત્રિવેદીની પત્નીના કુ.મુ. અરવિંદકુમાર મણીલાલ પુરોહીત,
રહે.૧૨, વામિલ પાર્ક, વિક્રમ સોસાયટી પાછળ,

એકસીસ બેંક સામે, ગોત્રી રોડ, વડોદરા,

તા.જી.વડોદરા.

(૩) પુરોહીત વનલીલાબેન તે મણીલાલ છગનલાલની દિકરી અને

મહેન્દ્રકુમાર ભટ્ટની પત્ની,

ઉ.વર્ષ.૫૨, ધંધો.ઘરકામ,

રહે.૧૨, પાર્વતીનગર સોસાયટી–૧, રાધિકા એપાર્ટમેન્ટની બાજુમાં,

સુભાનપુરા–ગોરવા રોડ, સુભાનપુરા, વડોદરા,

તા.જી.વડોદરા.

(૪) મૈયત બિપીનભાઈ મણીલાલ પુરોહીતના વારસો

(૪/૧) કલ્પનાબેન તે બિપીનભાઈ મણીલાલ પુરોહીતની વિધવા,

ઉ.વર્ષ.૫૫, ધંધો.નોકરી,

(૪/૨) ગુંજન બિપીનભાઈ પુરોહીત,

ઉ.વર્ષ.૨૫, ધંધો.અભ્યાસ,

(૪/૩) જાનકી બિપીનભાઈ પુરોહીત,

ઉ.વર્ષ.૨૧, ધંધો.અભ્યાસ,

તમામ રહે.૧૫૮, કૃષ્ણકુંજ સોસાયટી,

શેરી નં.૨, વૈભવ નગરની બાજુમાં, પાલનપુર પાટીયા,

રાંદેર રોડ, સુરત,

તા.જી.સુરત.

(૫) મૈયત ભુપેન્દ્રકુમાર મણીલાલ પુરોહીતના વારસો

(૫/૧) પુરોહીત વિમલભાઈ ભુપેન્દ્રકુમાર,
ઉ.વર્ષ.૪૨, ધંધો.વેપાર,
રહે.બી/૯, અલકનંદા રો હાઉસ, જોગણી નગર પાસે,
હનીપાર્ક રોડ, નવા રાંદેર રોડ, સુરત,
તા.જી.સુરત.

(૫/૨) પુરોહીત નિશ્ચલકુમાર ભુપેન્દ્રકુમાર,
ઉ.વર્ષ.૪૦, ધંધો.વેપાર,
રહે.સી–૬/૬, કે.એ.પી.પી.ટાઉનશીપ,
અનુમાલા, વ્યારા, જી.તાપી.

## <u>વિરૂધ્ધ</u>

## <u>પ્રતિવાદીપક્ષ :–</u>

(૧) મૈયત ભુપેન્દ્રકુમાર મણીલાલ પુરોહીતના વારસો

(૧/૧) લતાબેન તે ભુપેન્દ્રકુમાર મણીલાલ પુરોહીતની વિધવા,
**(ચાલુ દાવે ગુજરી ગયેલ છે.)**

(૧/૨) ઉમંગ ભુપેન્દ્રકુમાર પુરોહીત,
ઉ.વર્ષ.૩૮, ધંધો.વેપાર,
રહે.૧૩, કૃષ્ણકુંજ, હરીહર સોસાયટી, રણછોડજી મંદિર પાછળ,
સાંઈનાથ રોડ, પેટલાદ,
તા.પેટલાદ, જી.આણંદ.

## દાવો રૂા.૧૬,૧૫,૯૫૦/– ના આંકથી મિલકતમાંથી હિસ્સો છુટો કરાવી લેવા બાબત

## તેમજ

## રૂા.૧૦૦૦/– ના આંકથી હકક સ્થાપન તેમજ કાયમી તાકીદ માટે.

વાદીપક્ષ તરફે વિ.વ.શ્રી કે.એસ.પરીખ
પ્રતિવાદીપક્ષ તરફે વિ.વ.શ્રી. આર.સી.કંસારા

# ચુકા દો

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના પ્રતિવાદી નં.૧,૨ નાઓ વાદી નં.૧,૨,૩ ના ભાભી તથા મોટાભાઈ પુત્ર થાય છે. જયારે વાદી નં.૪/૧ ના જેઠાણી અને જેઠના પુત્ર થાય છે. વાદી નં.૪/૨ અને નં.૪/૩ ના મોટા બા તથા મોટા બાપાનો પુત્ર થાય છે. વાદી નં.૫/૧ અને નં.૫/૨ ના માતા તથા ભાઈ થાય છે, જેથી વાદીઓ તથા પ્રતિવાદીઓ એક જ કુટુંબના વ્યકિત હોવાથી વાદીઓ પ્રતિવાદીઓને ઓળખતા આવેલ છે. મોજે પેટલાદ, તા.પેટલાદ, જી.આણંદના સીટી સર્વેના ટી.પી.સ્કીમ નં.૨, ફાઈનલ પ્લોટ નં.૩૩/૧૧ ની હરીહર હાઉસીંગ કો.ઓ.સોસાયટી લી. માં આવેલ પ્લોટ નં.૧૩ કે જેનું ક્ષેત્રફળ ૬૩૦ ચો.મી. તથા આશરે ૧૫૦૦ ચો.ફુટ બાંધકામ જેમાં ગ્રાઉન્ડ ફલોર ઉપર બે રૂમ, ડાયનીંગ હોલ તથા સ્ટોર રૂમ, રસોડું, સંડાસ, બાથરૂમનું બાંધકામ સહિતની મિલકત આવેલ છે, જેની ચર્તુદિશા પુર્વે–નિરંજનભાઈ પી. પટેલનું મકાન છે, પશ્ચિમે–પાકો ડામર રોડ આવેલ છે, ઉત્તરે–નગર પાલીકાની પાણીની ટાંકી

આવેલ છે, દક્ષિણે–ડો.હેમલતાબેનનું મકાન આવેલ છે. સદર મકાન મુળ વાદી નં.૧ થી ૩ ના પિતા તથા વાદી નં.૪/૧ ના સસરા તથા વાદી નં.૪/૨, ૪/૩ તથા ૫/૧ તથા ૫/૨ ના દાદા ડો.મણીલાલ છગનલાલ પુરોહીતની માલીકીનું આવેલ હતું અને તેઓનું તા.૪/૧૧/૧૯૯૬ ના રોજ ગુજરી ગયેલ, જેઓનું પેઢીનામું નીચે મુજબ છે.

**ડો.મણીલાલ છગનલાલ પુરોહીત**

**મૈયત તા.૪/૧૧/૧૯૯૬**

| | | | | | |
|---|---|---|---|---|---|
| જયાબેન | ડો.ભુપેન્દ્રકુમાર | અરવિંદકુમાર | રક્ષાબેન | બિપીનભાઈ | વનલીલાબેન |
| (પત્ની) | (પુત્ર) | (પુત્ર) | (પુત્રી) | (પુત્ર) | (પુત્રી) |
| મૈયત | મૈયત | હયાત | હયાત | મૈયત | હયાત |
| તા.૧૫/૪/૦૫ | તા.૧૦/૧/૦૮ | | | તા.૨૨/૧૧/૦૩ | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| લતાબેન | વિમલભાઈ | નિશ્ચલભાઈ | ઉમંગભાઈ | કલ્પનાબેન | ગુંજન | જાનકી |
| (પત્ની) | (પુત્ર) | (પુત્ર) | (પુત્ર) | (પત્ની) | (પુત્ર) | (પુત્ર) |
| હયાત | હયાત | હયાત | હયાત | હયાત | હયાત | હયાત |

વાદીઓ તથા પ્રતિવાદીઓ પેઢીનામામાં જણાવ્યા મુજબ ડો.મણીલાલ છગનલાલ પુરોહીતના અવસાન બાદ સદર મકાનમાં વારસાઈ નોંધ નં.૭૩ તા. ૬/૧૨/૯૭ થી વાદી નં. ૧, ૨, ૩ તથા વાદી નં. ૪/૧, ૪/૨ અને ૪/૩ ના મૈયત પતિ તથા પિતા બિપીનકુમાર મણીલાલ તથા વાદી નં. ૫/૧ અને ૫/૨

ના મૈયત પિતા તથા પ્રતિવાદી નં. ૧/૧ અને ૧/૨ ના મૈયત પતિ અને પિતા ભુપેન્દ્રકુમાર મણીલાલનું નામ દાખલ થયેલ હતું. ત્યારબાદ વાદી નં. ૪/૧, ૪/૨, ૪/૩ ના મૈયત પતિ તથા પિતા બિપીનકુમાર મણીલાલ પુરોહિત તા. ૨૨/૧૧/૦૩ ના રોજ ગુજરી જતા વાદી નં. ૪/૧, ૪/૨ અને ૪/૩ નું નામ વારસાઇ હકકે દાખલ થયેલ છે તથા વાદી નં. ૫/૧ તથા ૫/૨ તેમજ પ્ર.વાદી નં. ૧/૧ અને ૧/૨ ના મૈયત પતિ તથા પિતા ભુપેન્દ્રકુમાર મણીલાલ પુરોહિતનું તા.૧૦/૦૧/૦૮ ના રોજ ગુજરી જતા વારસાઇ નોંધ નં. ૧૧૧૩ તા. ૧૦/૦૯/૦૮ થી નામો દાખલ થયેલા છે. ત્યારથી સીટી સર્વેમાં વારસાઇ હકકે સદર દાવાવાળું મકાન તમામના નામે ચાલતું આવેલ છે અને વાદી તથા પ્રતિવાદીઓ દાવાવાળા મકાનના સંયુકત માલીક કબજેદાર છે. વાદી નં. ૧, ૩ નાઓ વડોદરા ખાતે રહેતા આવેલા હોય તથા વાદી નં. ૨ નાઓ અમદાવાદ ખાતે રહેતા આવેલા હોય તથા વાદી નં. ૪/૧, ૪/૨, ૪/૩ નાઓ તથા વાદી નં. ૫/૧ નાઓ સુરત ખાતે તથા વાદી નં. ૫/૨ નાઓ કાકરાપાર ખાતે રહેતા આવેલા છે, જેથી સદર મકાનમાં વાદી નં. ૧, ૨, ૩ ના પિતા તથા વાદી નં. ૪/૧ તથા પ્રતિવાદી નં. ૧/૧ ના સસરા તથા વાદી નં. ૪/૨, ૪/૩ તથા ૫/૧ અને ૫/૨ તથા પ્રતિવાદી નં. ૧/૨ ના દાદા મૈયત ડૉ. મણીલાલ છગનલાલ પુરોહિતના અવસાન બાદ સદર મકાનમાં વાદી નં. ૧, ૨, ૩ ના મોટાભાઈ તથા વાદી નં. ૪/૧ ના મોટા જેઠ તથા પ્ર.વાદી નં. ૪/૨ અને ૪/૩ ના મોટા પપ્પા તથા વાદી નં. ૫/૧ અને ૫/૨ ના પિતા તથા પ્રતિવાદી નં.

૧/૧ અને ૧/૨ ના પતિ તથા પિતા ભુપેન્દ્રકુમાર મણીલાલનાઓ રહેતા આવેલા હતા અને તેઓના અવસાન બાદ સદર કામના પ્રતિવાદી નં. ૧/૨ નાઓ પ્રતિવાદી નં. ૧/૧ ના મેળાપીપણામાં સદર મકાનમાં ગેરકાયદેસર રહેવા લાગેલ હતા અને પ્રતિવાદી નં. ૧/૨ નાઓ વાદીઓની સંયુકત માલીકી કબજા ભોગવટાના મકાનમાં ગેરકાયદેસર રહેતા હોવાનો ગેરલાભ લઈ વાદીઓની સંયુકત માલીકી કબજો ભોગવટાવાળા મકાન ગેરકાયદેસર પડાવી લેવા માટેનો પ્રયત્ન શરૂ કરેલ. આમ સદર મકાનની વાદીઓ અને પ્રતિવાદીઓ વચ્ચે કોઈ વહેચણી થયેલ નથી પરતું દાવાવાળા મકાનમાં વાદી નં. ૧,૨,૩ તથા વાદી નં. ૪/૧, ૪/૨ અને ૪/૩ નો ૪/૫ હિસ્સો રહેલો છે. જયારે વાદી નં. ૫/૧ અને ૫/૨ નો ૧/૫ પૈકી ૨/૪ હિસ્સો રહેલો છે. જયારે પ્રતિવાદી નં. ૧/૧ અને પ્રતિવાદી નં. ૧/૨ નો ૧/૫ પૈકી ૨/૪ હિસ્સો રહેલો છે. આમ વાદીઓ અને પ્રતિવાદીઓ વચ્ચે હિસ્સે આવતા ભાગની વહેંચણી થઈ શકે તેમ છે. વાદીઓ અને પ્રતિવાદીઓ વચ્ચે નામ.કોર્ટ દ્વારા સદર દાવાવાળા મકાનના વાદીઓ અને પ્રતિવાદીઓના હિસ્સે આવતા મકાનની વહેંચણી કરી વાદીઓ અને પ્રતિવાદીઓનો હિસ્સો છુટો પાડી તેટલી જગ્યાનો માલીકી હકકે કબજો મેળવવા તથા વિકલ્પે નામ. કોર્ટ દ્વારા રીસીવર નીમી દાવાવાળી જગ્યા બજાર કિંમત પ્રમાણે વેચાણ કરી વેચાણ અવેજ મળે તેમાથી જે તે પક્ષકારનો જે કાંઈ હિસ્સો થાય તે મેળવવા માટે તથા દાવાવાળી મિલકતમાં વાદીઓનો કાયદેસર વણ વહેંચાયેલો હકક અને હિસ્સો રહેલ છે તેવું ઠરાવી લેવા માટે વાદીઓને

હાલનો દાવો દાખલ કરવાનું કારણ ઉભું થયેલ છે. દાવાવાળું મકાન વાદીઓ તથા પ્રતિવાદીઓના સંયુકત નામે ચાલે છે. જેથી પ્રતિવાદી નં. ૧/૨ નાઓ સદર મકાન ભાડે કે ઈતર કોઈપણ પ્રકારના હકક હીત, સબંધ લાગ ભાગ ઉપસ્થિત કરે કરાવે નહી તે માટે કાયમી તાકીદ મેળવવા પણ હાલનો દાવો દાખલ કરવાનું કારણ ઉભું થયેલ છે.

(૧.૧) **<u>વાદીપક્ષ ધ્વારા દાવામાં માંગવામાં આવેલ દાદ.</u>**

વાદીપક્ષ ધ્વારા હાલનો દાવો દાખલ કરી મોજે પેટલાદ, તા.પેટલાદ, જી.આણંદના સીટી સર્વેના ટી.પી.સ્કીમ નં.૨, ફાઈનલ પ્લોટ નં.૩૩/૧૧ ની હરીહર હાઉસીંગ કો.ઓ.સોસાયટી લી. માં આવેલ પ્લોટ નં.૧૩ કે જેનું ક્ષેત્રફળ ૬૩૦ ચો.મી. તથા આશરે ૧૫૦૦ ચો.ફુટ બાંધકામ જેમાં ગ્રાઉન્ડ ફલોર ઉપર બે રૂમ, ડાયનીંગ હોલ તથા સ્ટોર રૂમ, રસોડું, સંડાસ, બાથરૂમનું બાંધકામ સહિતની મિલકત એટલે કે દાવાવાળા મકાનમાં વાદીઓનો કાયદેસરનો હિસ્સો છે તેવું ઠરાવવા તેમજ દાવાવાળા મકાનમાં વાદી નં.૧,૨,૩ તથા વાદી ૪/૧, ૪/૨ અને ૪/૩ નો ૪/૫ હિસ્સો તથા વાદી નં.૫/૧ અને ૫/૨ નો ૧/૫ પૈકી ૨/૪ હિસ્સો છુટો પાડી વાદીઓના કબજે માલીકી હકકે સોંપવા હુકમ કરવા તેમજ વિકલ્પે દાવાવાળા મકાનમાંથી વાદીઓનો હિસ્સો નકકી ન થઈ શકે તેમ હોય તો દાવાવાળુ મકાન રીસીવર મારફતે વેચાણ કરી તેનો જે અવેજ આવે તેમાંથી વાદીઓનો હિસ્સો વાદીઓને અપાવવાનો હુકમ કરવા તેમજ પ્રતિવાદી નં.૧/૨ ધ્વારા દાવાવાળુ મકાન અન્ય કોઈને ભાડે કે મકાન ઉપર ઈતર કોઈ પણ પ્રકારના હકક, હિત, સંબધ લાગભાગ ઉપસ્થિત કરે કરાવે નહિ તે માટે કાયમી તાકીદ

પ્રતિવાદી નં.૧/૨ વિરુધ્ધ અપાવવાનો હુકમ કરવા તેમજ દાવાનો ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા અરજ ગુજારેલ છે.

(૨) સદર કામે પ્રતિવાદીપક્ષને દાવાના સમન્સ/નોટીસની ઈસ્યુ કરવામાં આવેલ છે અને તેની બજવણી થતા પ્રતિવાદીઓ તેમના વિ.વ.શ્રી. મારફતે કોર્ટ રૂબરૂ હાજર થયેલ છે અને વાદીની દાવા અરજીનો લેખીત જવાબ આંક-૧૬ થી રજુ કરેલ છે અને જણાવેલ છે કે વાદીનો દાવો ખરો નથી તથા તેઓને કબુલ મંજુર નથી તેમજ લેખીત જવાબમાં સ્પષ્ટપણે કબુલ કર્યા સીવાયની બાકીની તમામ હકીકતો ખરી ન હોવાથી તેઓને કબુલ મંજુર નથી. વાદી દાવાવાળી મિલકતના કબજેદાર નથી તથા વાદીનો દાવો અપુરતા સ્ટેમ્પ ઉપર હોવાથી વાદીનો દાવો ખર્ચસહ રદ કરવા જણાવેલ છે. વધુમાં જણાવે છે ખરી હકીકત એવી છે કે મોજે પેટલાદ, તા.પેટલાદ, જી.આણંદ મધ્યે હરિહર સોસાયટીમાં પેટલાદ સીટી સર્વેના ટીપી સ્કીમ-૨ ફાઈનલ પ્લોટ નં.૩૩/૧/૧ પેટલાદ નગરપાલિકા વોર્ડ નં.૨ ઘર નં.૧૪૧૦ નું મકાન પક્ષકારોની સમાચીક માલીકીનું આવેલ છે, જે મકાનના મુળ માલીક પ્રતિવાદીઓના મૈયત દાદા ડોકટર મણીલાલ છગનલાલ પુરોહિતની માલીકીનું આવેલ હતું અને ત્યારબાદ અમારા દાદા તા.૪/૧૧/૯૬ ના રોજ ગુજરી જતા સદર મકાન વારસાઈ હકકે પક્ષકારોને સમાચીક માલીકી હકકે પ્રાપ્ત થયેલો અને સદર મકાનમાં પ્રતિવાદીઓ કુટુંબ કબીલા સાથે રહેતા આવેલ છે. સદર મકાનમાં પ્રતિવાદીઓનું રાચ રચીલુ વિગેરે આવેલ છે, સદર મકાનના વેરા

કાયમથી પ્રતિવાદીઓ ભરતા આવેલ છે અને સદર મકાનનું પ્રતિવાદીઓ વડીલો વખતથી એટલે કે પ્રતિવાદીનં.૧ ના પતિ તથા પ્રતિવાદી નં.ર ના પિતાના હયાતીના વખતથી તેમાં રહેતા આવેલ છે અને સદર મકાનનો કબજો ભોગવટો પ્રતિવાદીનં.૧ ના પતિ તથા પ્રતિવાદી નં.ર ના પિતાના વખતથી ચાલુ આવેલો છે. આ કામના વાદીઓ તેમના દાવા અરજ તથા મનાઈ અરજીના મથાળે જણાવેલ સરનામે કાયમી ઘણાં વર્ષોથી રહેતા આવેલ છે અને પ્રતિવાદીઓ દાવાવાળા મકાનમાં કુટુંબ કબીલા સાથે રહેતા આવેલ છે. પ્રતિવાદી નં.ર ના કાકા પુરોહિત અરવિંદકુમાર મણીલાલ વડોદરા મુકામે રહેતા આવેલ છે અને પ્રતિવાદી નં.૨ ના કાકા અમારી સાથે તથા પ્રતિવાદી નં.૧ અમારી માતૃશ્રી સાથે અદાવત રાખતા હોવાથી સદર દાવાવાળા મકાનની માપણી મોજણી થઈ મકાનની અમારી વચ્ચે કાયદેસરની કોઈ વહેંચણી થઈ હીસ્સા નકકી થયેલ નથી પરંતુ પ્રતિવાદી નં.ર ના કાકા અદાવતના કારણે અમારી સાથે દ્વેષ તથા અદાવત રાખતા હોવાથી તેમની દાનત તેમના હિસ્સાનું મકાન વેચી તેના નાણાં ઉપજાવી લેવાની થયેલ હોવાથી પ્રતિવાદીનં.ર ના કાકાએ થોડા સમયથી પ્રતિવાદીઓના ચાલુ આવેલા કબજા ભોગવટામાં ગેરહકકે હરકત ડખલ શરૂ કરી અમારી પાસેથી મકાનનો કબજો કરી લેવા માટે ખોટી ધાક ધમકીઓ આપતા આવેલા અને મકાનનો કબજો નહી સોંપુ તો ગુંડા માણસને મકાન વેચી દઈ મકાન ખાલી કરાવી કબજો કરી લીધા સિવાય છોડીશું નહી તેવી ધાક ધમકીઓ આપી પ્રતિવાદીના શાંત અને પ્રત્યક્ષ કબજા ભોગવટામાં ગેરહકકે હરકત ડખલ શરૂ કરી કબજો છીનવી લેવા માટે

ગેરકાયદેસરની અને કાયદા વિરૂધ્ધની તજવીજ હાથ ધરેલી, તે પ્રમાણે કરવા તેઓને કાયદેસર કોઈ હકક અધિકાર આવેલો નથી તેમ છતાં તેઓએ તેમની ગેરકાયદેસરની અને કાયદા વિરૂધ્ધની અનઅધિકારની તજવીજમાં ફાવી જાય તો અમો પ્રતિવાદીઓને નાણાં પણ આંકી ન શકાય તેવું કાયમી સ્વરૂપનું પારાવાર નુકશાન થાય તેમ હોય પક્ષકારોની સમાયીક માલીકીની અને પ્રતિવાદીઓના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં આવેલ હોવાનું ઠરાવવા માટે મકાનના પ્રતિવાદીઓના ચાલુ આવેલા પ્રત્યક્ષ કબજા ભોગવટામાં તથા જાત વાપર ઉપભોગમાં વાદીઓ પૈકી વાદી નં.૧ સામે વાદી નં.૧ નાઓ કોઈપણ જાતની હરકત ડખલ કરે કરાવે નહી કે પ્રવેશ કરે કરાવે નહી કે પ્રતિવાદીઓ પાસેથી કબજો લે અગર લેવડાવે નહી કે મકાનમાં આવેલ પ્રતિવાદીઓના સર સામાન રાચ રચીલા વિગેરેને તોડફોડ કે નુકશાન કરે કરાવે નહી કે મીલકત વેચાણ બક્ષીસ ગીરો કે વીલ કરે કરાવે નહી કે કોઈપણ રીતે કોઈપણ ઈસમને ટ્રાન્સફર કે તબદીલ કરે કરાવે નહી તેવો પ્રતિવાદીઓ પૈકી પ્રતિવાદી નં.ર નાઓએ વાદીઓ વિરૂધ્ધ તથા તેમના માણસો એજન્ટો વિરૂધ્ધ કાયમી જાથુનો મનાઈ હુકમ મેળવવા માટે પેટલાદ ના મે પ્રિન્સીપાલ સીવીલ જજ (જે.ડી.) સાહેબની કોર્ટમાં કો.મું.નં.૪/૨૦૧૩ થી દાવા અરજ તથા મનાઈ અરજ કરેલ જે હકીકત વાદીઓ સારી રીતે જાણતા આવેલા છે અને સદરહું દાવો મેં પ્રિન્સીપાલ સીવીલ જજ, પેટલાદ નાઓએ રદ કરતા પ્રતિવાદી નં.૧ નાએ આણંદના મે. ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્શ જજ સાહેબની કોર્ટમાં અપીલ કરેલી છે, જે અપીલ હાલ ડીસ્ટ્રીકટ કોર્ટમાં પેન્ડીંગ છે અને તે હકીકત

વાદીઓ સારી રીતે જાણતા હોવા છતાં ના.કોર્ટમાં તે હકીકતો છુપાવી હાલની દાવા અરજ તથા મનાઈ અરજ તેમના મલીન બદઈરાદો બર લાવવા માટે કરેલ છે. સદરહું વાદવાળું મકાન મીલકતની અગાઉ પક્ષકારો વચ્ચે ઘરમેળે કીંમત નકકી થયેલી અને તે કીંમત પ્રતિવાદીઓએ ચુકવવાની તૈયારી પણ દર્શાવેલ પરંતુ વાદીઓ પૈકી વાદી નં.૧ ની બદદાનત થયેલી હોય વાદી નં.૧ નાઓ ખોટી રીતે પ્રતિવાદીનં.૧ ના વિધવા બાઈને માનસિક ત્રાસ આપી પ્રતિવાદી નં.૨ ના પુત્ર પાસેથી વધુ કીમત પડાવી લેવાના બદઆશયથી પ્રતિવાદીઓને વાદીનં.૧ નાઓ ખુબ જ હેરાન પરેશાન કરતા હતાં અને પ્રતિવાદીઓને રસ્તે રઝળતા કરી દઈશું, ગુંડા મારફતે મકાનનો કબજો લઈ લઈશું તેવી વાદી નં.૧ નાઓ પ્રતિવાદીના ઘરે આવી અવાર નવાર ધાક ધમકીઓ આપતા હતા, જેથી પ્રતિવાદીઓ પૈકી પ્રતિવાદી નં.૨ નાઓએ વાદીઓ વિરૂધ્ધ પેટલાદના મે. પ્રિન્સીપાલ સીવીલ જજ (જે.ડી.) સાહેબની કોર્ટમાં દાવો કરેલ, જે દાવામાં વાદી નં.૧ ના સિવાયના તમામ વાદીઓને પ્રતિવાદીનં.૧ નાએ ફોર્મલ પક્ષકાર તરીકે જોડેલા છે, જે હકીકત નીચેની કોર્ટમાં દાવા અરજ તથા મનાઈ અરજમાં પ્રતિવાદીનં.૨ નાએ સ્પષ્ટ જણાવેલ છે પરંતુ વાદી નં.૧ નાએ બાકીના વાદીઓને પ્રતિવાદી વિરૂધ્ધ આડું અવળું સમજાવી પ્રતિવાદીઓ પાસેથી વધુ પૈસા પડાવવાના બદઈરાદે હાલનો દાવો તથા મનાઈ અરજ કરેલ છે. પ્રતિવાદીઓ હાલ પણ ઘરમેળે કુટુંબી માણસો થતા હોય સગા મેળાપી માણસની હાજરીમાં સદરહું મકાનની હીસ્સે પડતી યોગ્ય અને વ્યાજબી રકમ આપવા ખુશ અને તૈયાર હોવા છતાં વાદી નં.૧ નાઓએ

નામદાર કોર્ટમાં એકમાત્ર વધુ પૈસા પડાવવાના બદઈરાદે ખોટી બજાર કિંમત આકારી હાલનો દાવો કરેલ છે, જે લેશમાત્ર ટકવા પાત્ર નથી. જે તમામ હકીકતો ધ્યાને રાખી વાદીનો દાવો ખર્ચસહ નામંજુર કરવા તથા વાદી પાસેથી પ્રતિવાદીઓને રૂા.૨૫,૦૦૦/– વિશિષ્ટ ખર્ચની રકમ અપાવવા અરજ ગુજારેલ છે.

**(૩)** સદરહું દાવાના કામે વાદી તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ છે.

**<u>મૌખિક પુરાવા :–</u>**

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|
| (૧) | ૨૪ | વાદી નં.૧ પુરોહીત અરવિંદકુમાર મણીલાલનું પુરાવાનું સોગંદનામું |
| (૨) | ૩૬ | વાદી નં.૪/૧ કલ્પનાબેન તે બિપીનભાઈ મણીલાલ પુરોહિતની વિધવાનું પુરાવાનું સોગંદનામું |

**<u>દસ્તાવેજી પુરાવા :–</u>**

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|
| (૧) | ૮૧ | દાવાવાળી મિલકતના પ્રોપર્ટીકાર્ડની નકલ |

ઉપરોકત પુરાવો રજુ થયા બાદ વાદીપક્ષ તરફે **આંક–૩૭** થી પુરાવાબંધની પુરસીસ રજુ કરેલ છે.

વધુમાં વાદી તરફે આંક–૭૩ થી પુરસીસ રજુ કરી પ્રતિવાદી નં.૧/૧ નું અવસાન થયેલ હોય, પ્રતિવાદી નં.૧ ના અન્ય કોઈ વારસદારો દાવાના કામે દાખલ કરવાના રહેતા નથી તે જાહેર કરેલ છે.

(૪) સદરહું દાવાના કામે પ્રતિવાદી તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ છે.

**<u>મૌખિક પુરાવા :–</u>**

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|
| (૧) | ૪૪ | પ્રતિવાદી નં.૧/૨ મૈયત ભુપેન્દ્રકુમાર મણીલાલના કાયદેસર ના વારસદાર ઉમંગ ભુપેન્દ્રકુમાર પુરોહીતનું પુરાવાનું સોગંદનામું |

**<u>દસ્તાવેજી પુરાવા :–</u>**

| અનું.નં. | આંક | વિગત |
|---|---|---|
| (૧) | ૪૮ | પેટલાદ નગરપાલીકા વેરા વસુલાત પાવતી અસલ |
| (૨) | ૪૯ | પેટલાદ નગરપાલીકા માંગણા બિલ ૨૩૪૮ અસલ |
| (૩) | ૫૦ | પેટલાદ નગરપાલીકા વેરા વસુલાત પાવતી અસલ |
| (૪) | ૫૧ | પેટલાદ નગરપાલીકા વેરા વસુલાત પાવતી અસલ |
| (૫) | ૫૨ | પેટલાદ નગરપાલીકા વેરા વસુલાત પાવતી અસલ |
| (૬) | ૫૩ | પેટલાદ નગરપાલીકા વેરા વસુલાત પાવતી અસલ |
| (૭) | ૫૪ | પેટલાદ નગરપાલીકા વેરા વસુલાત પાવતી અસલ |

| | | |
|---|---|---|
| (૮) | ૫૫ | પેટલાદ નગરપાલીકા માંગણા બિલ ૩૭૧૫ અસલ |
| (૯) | ૫૬ | પેટલાદ નગરપાલીકા વેરા વસુલાત પાવતી અસલ |
| (૧૦) | ૫૭ | પેટલાદ નગરપાલીકા માંગણા બિલ ૩૩૯૯ અસલ |
| (૧૧) | ૫૮ | નયા પડકારનું બિલ નં.૨૬૮૫૯ અસલ |
| (૧૨) | ૫૯ | કાળોત્રી અસલ |
| (૧૩) | ૬૦ | ટપાલ(પત્ર) અસલ |
| (૧૪) | ૬૧ | નયા પડકાર સમાચાર પત્રની બેસણાની જાહેરાત |
| (૧૫) | ૬૨ | સર્ટીફિકેટ ઓફ રજીસ્ટ્રેશન ઓફ ડેથની ઝેરોક્ષ |

ઉપરોકત પુરાવો રજુ થયા બાદ પ્રતિવાદીપક્ષ દ્વારા **આંક–૬૩** થી પુરાવાબંધની પુરસીસ રજુ કરેલ છે.

**(૫)** સદર કામે વાદીપક્ષના વિ.વ.શ્રી. તરફે આંક–૬૪ થી તથા પ્રતિવાદીપક્ષના વિ.વ.શ્રી. દ્વારા આંક–૬૮ થી લેખીત દલીલો રજુ કરવામાં આવેલ છે, જે વંચાણે લેવામાં આવેલ છે તેમજ બંને પક્ષકારો દ્વારા મૌખીક દલીલો રજુ કરેલ છે, જે સાંભળવામાં આવેલ છે તેમજ પ્રતિવાદીપક્ષના વિ.વ.શ્રી. દ્વારા (૧) હિન્દુ સકસેશન એકટની કલમ–૮ ની વ્યાખ્યા (૨) હિન્દુ સકસેશન એકટની કલમ–૯ ની વ્યાખ્યા (૩) હિન્દુ સકસેશન શીડયુલ–૧ (૪) ટી.પંચાપાકેસન વિરુધ્ધ પેરીયાા થમ્બી નાઈકર, ૧૯૭૨ ૦ સુપ્રિમ (મદ્રાસ) ૩૭૨ (૫) સબાસ્થી નાદાર વિરુધ્ધ સાવુરીમુથુ નાદાર અને બીજા, ૧૯૯૮ ૦ સુપ્રિમ (મદ્રાસ) ૧૦૩૫ (૬) શ્રીમતી લક્ષમ્મા વિરુધ્ધ મંજુ, ૨૦૧૬ ૧ કરંટસીસી ૧૩૩ (૭) વિનોદકુમાર

વિરુધ્ધ રાધે શ્યામ, ૨૦૧૮ ૦ સુપ્રિમ (પી એન્ડ એચ) ૨૦૯૦ (૮) કાલીઅમ્માલ વિરુધ્ધ કરૂપ્પન અને બીજા ૨૦૦૦ (૦) સુપ્રિમ (મદ્રાસ) ૧૦૫૮ (૯) સન્મુધન અને બીજા વિરુધ્ધ સરસ્વતી અને બીજા ૧૯૯૬ ૦ સુપ્રિમ (મદ્રાસ) ૪૭૪ વાળા ચુકાદાની નકલો રજુ કરેલ છે, જેમાં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંતો નમ્રપણે વંચાણે લેવામાં આવેલ છે. સદરહું તમામ રજુઆત દાવાના આખરી નિર્ણય કરતી વખતે ધ્યાને લેવામાં આવેલ છે.

**(૬)** સદરહું દાવાના આખરી ન્યાયીક નિર્ણય સારૂ પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રી નાઓ ધ્વારા તા.૨૭/૭/૨૦૧૭ ના રોજ આંક–૨૧ થી મુદ્દાઓ ફરમાવેલ છે, જે મુદ્દાઓ નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| (૧) | શું વાદી સાબિત કરે છે કે, વાદી તેમજ પ્રતિવાદીઓ દાવાવાળી મિલકતના સંયુકત માલીક અને કબજેદાર છે ? |
| (૨) | શું વાદી સાબિત કરે છે કે, દાવાવાળા મકાનમાં વાદી નં.૧,૨,૩ તથા વાદી નં.૪/૧, ૪/૨ અને ૪/૩ નો ૪/૫ હિસ્સો તથા વાદી નં.૫/૧ અને ૫/૨ નો ૧/૫ પૈકી ૨/૪ હિસ્સો છે ? |
| (૩) | દાવાવાળી મિલકતમાં કયા પક્ષકારનો કેટલો હિસ્સો છે ? |
| (૪) | શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ? |
| (૫) | શું હુકમ અને હુકમનામું ? |

**(૭)** સદર કામે રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવા તેમજ બંને પક્ષોના વિ.વકીલશ્રીનાઓ ધ્વારા રજુ દલીલો તથા દાવાની હકીકતો અને સંજોગો ધ્યાને લેતા ઉપરોકત મુદ્દાઓના મારા જવાબો અને કારણો નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧ –** **" અંશત : હકારમાં "**

**મુદ્દા નં.૨ –** **" નકારમાં "**

**મુદ્દા નં.૩ –** **મુદદા નં.૩ માં જણાવ્યા મુજબ.**

**મુદ્દા નં.૪ –** **" નકારમાં "**

**મુદ્દા નં.૫ –** **આખરી હુકમ મુજબ**

## –:: નિર્ણય અંગેના કારણો ::–

(૮) સદરહું દાવાના કામે વાદી નં.૧ પુરોહીત અરવિંદકુમાર મણીલાલ ધ્વારા આંક –૨૪ થી પુરાવાનું સોગંદનામું રજુ કરી પોતાની દાવા અરજીની હકીકતોને અનુરૂપ સમર્થનકારી હકીકત જણાવેલ છે અને દાવો મંજુર કરવા અરજ કરેલ છે.

સદર સાહેદની ઉલટ તપાસ પ્રતિવાદીપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ છે અને તેમાં તેમણે જણાવેલ છે કે તે વાત ખરી છે કે મારા પિતા મણીલાલ છગનભાઈ ગઈ તા.૪/૧૧/૧૯૯૬ ના રોજ અવસાન પામેલ છે. તે વાત ખરી છે કે મારી માતા જયાબેન ગઈ તા.૧૫/૪/૨૦૦૫ ના રોજ અવસાન પામેલ છે. તે વાત ખરી છે કે મારા પિતાના અવસાન બાદ તા.૬/૧૨/૧૯૯૭ ના રોજ દાવાવાળા મકાનની વારસાઈ કરવામાં આવેલી. તે વાત ખરી છે કે બીપીનભાઈ મારા ભાઈ થતા હતા અને તેઓ તા.૨૨/૧૧/૨૦૦૩ના રોજ અવસાન પામેલ છે. તે વાત ખરી છે કે ભુપેન્દ્રભાઈ મારા ભાઈ થતા હતા અને તેઓ તા. ૧૦/૧/૨૦૦૮ના રોજ અવસાન પામેલા. તે વાત ખરી છેકે ભુપેન્દ્રભાઈની વારસાઈ તા.૧૦/૯/૨૦૦૮ના રોજ કરાવેલી. તે વાત ખરી છે કે મારા પિતાની

દાવાવાળી મીલ્કત ઉપરાંત નાર ગામે રહેણાંકનું મકાન તેઓના અવસાન સમયે આવેલ હતુ. તે વાત ખરી નથી કે મારા પિતાના અવસાન બાદ અમોએ મીલ્કતની વહેંચણી બાબતે ભાઈઓ બહેનો સાથે વાત કરેલ નથી. તે વાત ખરી છે કે મારા પિતાના અવસાન બાદ વહેંચણી બાબતે કોઈ અરજી કે કાર્યવાહી કરેલ હોય તેવુ બનેલ નથી. તે વાત ખરી છે કે અમો ભાઈઓ બહેનો વહેંચણી કરવા સારુ સૌપ્રથમ તા.૧૧/૧૨/૨૦૦૫ ના રોજ ભેગા થયેલા. તે વાત ખરી છે કે તે સમયે મારા પિતાજીની તમામ સ્થાવર જંગમ મિલ્કતો બાબતે ચર્ચા કરેલી. તે વાત ખરી નથી કે તે ચર્ચા બાબતનું લખાણ કરેલ નહી, સાહેદ ખુલાસો કરતા જણાવે છે કે કાચ લખાણ થયેલ. તે વાત ખરી છે કે તે કાચુ લખાણ ૧૩, કૃષ્ણકુંજ, હરીહર સોસાયટી, સાંઈનાથ ચોકડી પેટલાદ ખાતે થયેલ. તે વાત ખરી નથી કે તે લખાણમાં તે સમયે મારા પિતાની તમામ સ્થાવર જંગમ મીલ્કતની વહેંચણી બાબતનો ઉલ્લેખ કરેલો, સાહેદ ખુલાસો કરતા જણાવે છે કે માત્ર સોના ચાંદી ની વહેંચણી નો ઉલ્લેખ કરેલો. તે વાત ખરી છે કે તે કાચા લખાણમાં પેટલાદ ખાતે આવેલ બંગલા નં. ૧૩ હરીહર સોસાયટી ૬૭ × ૧૦૦ ના પ્લોટમાં છે તે તથા નાર વાળુ મકાન વેચીને રોકડા નાણાંમાં ભાગ પાડવા તેવુ લખાણ થયેલ. તે વાત ખરી છે કે તે લખાણ સમયે મારા ભાઈ ભુપેન્દ્રભાઈ હયાત હતા. તે વાત ખરી છે કે તે લખાણ સમયે ભુપેન્દ્રભાઈને બંગલા નં.૧૩માં રહેવુ હોય તે વેચવા સામે વાંધો લીધેલો. તે વાત ખરી છેકે હું હાલ વડોદરા મુકામે વીસ થી બાવીસ વરસથી રહુ છુ. તે વાત ખરી છે કે બીપીનભાઈ સુરત મુકામે આશરે પંદર વરસથી બાળકો સાથે

રહેતા હતા. તે વાત ખરી છે કે મારી બહેનોને લગ્ન કરેલ છે અને તેઓ પોત પોતાની સાસરીમાં રહે છે. તે વાત ખરી છે કે ભુપેન્દ્રભાઈ મારા માતા–પિતા સાથે દાવાવાળા મકાનમાં રહેતા હતા. તે વાત ખરી છે કે ભુપેન્દ્રભાઈ મારા પિતા સને ૧૯૯૬માં ગુજરી ગયા બાદ પણ દાવાવાળા મકાનમાં રહેતા હતા. તે વાત ખરી છે કે ભુપેન્દ્રભાઈના ત્રણેય સંતાનોનો જન્મ દાવાવાળા મકાનમાં થયેલ છે. તે વાત ખરી છે કે વીમલભાઈ અને નિશ્ચલભાઈ અભ્યાસ પુર્ણ થયા બાદ પેટલાદથી બહાર વેપાર ધંધા અર્થે ગયેલા. તે વાત ખરી છે કે ઉમંગભાઈ નો ધંધો પેટલાદ ખાતે હોય તેઓ દાવાવાળા મકાનમાં રહેતા હતા, સાહેદ ખુલાસો કરતા જણાવે છે કે તેઓ વિધ્યાનગર રહેતા હતા. તેવાત ખરી છે કે ઉમંગભાઈ હાલ દાવા વાળા મકાનમાં રહે છે. તે વાત ખરી છે કે મારા પિતા ડોંકટર તરીકે વ્યવસાય કરતા હતા. તે વાત ખરી છે કે ભુપેન્દ્રભાઈ પણ ડોંકટર તરીકે વ્યવસાય કરતા હતા. તે વાત ખરી છે કે ભુપેન્દ્રભાઈ મારા પિતાની જગ્યાએ વ્યવસાય કરતા હતા. તે વાત ખરી છે કે મારા પિતાએ ઉમરના કારણે ડોકટર તરીકેનો વ્યવસાય બંધ કરેલો. તે વાત ખરી નથી કે ભુપેન્દ્રભાઈ મારા પિતાને તેમની જગ્યાએ વ્યવસાય કરવા પેટે માસીક રૂા.૩૦૦/– ગુડવીલ પેટે આપતા હતા, સાહેદ ખુલાસો કરતા જણાવે છે કે રૂા.૩૦૦/– નહી પણ રૂા.૧૦૦/– આપતા હતા. તે વાત ખરી નથી કે તે ગુડવીલની રકમ આશરે દસ વરસ સુધી આપેલી. સવાલ – તમારા પિતા વ્યવસાય બંધ થયા બાદ તથા માતા પણ ભુપેન્દ્રભાઈ સાથે રહેતા હતા અને તેમની દવા સારવાર તમામ ભુપેન્દ્રભાઈ કરતા હતા ? જવાબ – તે સંર્પૂણ સાચુ

નથી. મેં દાવાવાળુ મકાન જોયેલ છે. તે વાત ખરી છે કે તે મકાનમાં પાવરહાઉસ તથા રોડ તરફ તારની વાડ કરેલી છે. તે વાત ખરી છે કે તે તારની વાડનો રુા.૭૫,૦૦૦/– ખર્ચ ભુપેન્દ્રભાઈએ કરેલો. તે વાતની મને ખબર નથી કે દાવાવાળા મકાનના અગાસીનું તળિયુ તથા પાણીની ટાંકી બનાવેલ તેમાં આશરે ૨,૨૦૦/–નો ખર્ચ થયેલ તે ભુપેન્દ્રભાઈએ કરેલ કે કેમ. તે વાતની પણ મને ખબર નથી કે દાવાવાળા મકાનમાં ઉભુ રસોડું બનાવવાનો આશરે ૩૦,૦૦૦/– નો ખર્ચ ભુપેન્દ્રભાઈએ કરેલ કે કેમ. તે વાત ખરી છે કે દાવાવાળા મકાનમાં રીનોવેશન પેટે મે કોઈ ખર્ચની રકમ આપેલ નથી. તે વાત ખરી છે કે દાવાવાળા મકાનના જે કાંઈ વેરા આવે તે ભુપેન્દ્રભાઈ અને તેઓની હયાતી બાદ ઉમંગભાઈ ભરે છે. મને તે વાતની પણ ખબર નથી કે નાર વાળા મકાનનું છજુ તુટેલુ કે કેમ અને તેનો રીપેરીંગનો ખર્ચ ભુપેન્દ્રભાઈએ ભોગવેલ કે કેમ. તે વાત ખરી છે કે અમારો મોટાભાગનો સમાજ પેટલાદ અને આજુબાજુના વિસ્તારમાં રહે છે. તે વાત ખરી છે કે સામાજીક પ્રસંગોએ પેટલાદ આવવા જવાનુ બને છે. તે વાત ખરી છે કે દાવાવાળુ ઘર અમારુ મોટુ ઘર કહેવાય. તે વાત ખરી નથી કે મારા માતા–પિતા ની હયાતીમાં તેઓની ઈચ્છા એવી હતી કે દાવાવાળુ મોટુ ઘર વેચવુ નહી અને સામાજીક પ્રસંગોએ ત્યાં ભેગા થવુ. તે વાત ખરી નથી કે તે જ કારણે સને ૨૦૦૫માં અમો મીલ્કતોનો નીકાલ કરવા ભેગા થયા ત્યારે દાવાવાળા મકાન સીવાયની મીલ્કતોનો નીકાલ કરેલો. તે વાત ખરી છે કે નાર વાળા મકાનની વહેચણી કરી નીકાલ કરી દીધેલ છે. તે વાત ખરી છે કે અમારે સરસ નરસ

વહેચણી થયેલાની હકીકત દાવાઅરજીમાં જણાવેલ નથી કારણ કે વહેચણી થયેલ નથી. તે વાત ખરી નથી કે તા. ૧૧/૧૨/૨૦૦૫ ના રોજ દાવાવાળા મકાનનો પણ નીકાલ થઈ ગયેલ છે અને દાવાવાળુ મકાન ભુપેન્દ્રભાઈને સોપી દીધેલુ પરંતુ રેકર્ડમાં અમારુ નામ ચાલતુ હોય ખોટો દાવો કરેલો છે. તે વાત ખરી નથી કે મારી બદદાનત થયેલ હોય મારા માતા-પિતા ના અવસાન બાદ લાંબા સમયે હાલનો દાવો ખોટી રીતે કરેલ છે. તે વાત ખરી નથી કે સોગંદ પર ખોટી જુબાની આપુ છુ.

(૮.૧) વધુમાં સદર કામે વાદી નં.૪/૧ કલ્પનાબેન તે બિપીનભાઈ મણીલાલ પુરોહિતની વિધવા દ્વારા આંક-૩૬ થી પુરાવાનું સોગંદનામું રજુ કરી પોતાની દાવા અરજીની હકીકતોને અનુરૂપ સમર્થનકારી હકીકત જણાવેલ છે અને દાવો મંજુર કરવા અરજ કરેલ છે.

સદર સાહેદની ઉલટ તપાસ પ્રતિવાદીપક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ છે અને તેમાં તેમણે જણાવેલ છે કે એ વાત ખરી છે કે દાવાવાળી મીલકતનો સીટી સર્વે નંબર અને આકારણી નંબર હું જાણતી નથી. એ વાત ખરી છે કે બીપીનભાઈ મારા પતિ થતા હતા અને તે અવસાન પામેલ છે. એ વાત ખરી નથી કે દાવાવાળી મકાનમાં હું રહેલ નથી. એ વાત ખરી છે કે લગ્નના શરુઆતના એક-બે વર્ષ બાદ હું દાવાવાળા મકાનમાં રહેલ નથી. એ વાત ખરી છે કે દાવાવાળા મકાનમાં કોઈ રીપેરીંગ કામ કરાવેલ હોય કે સુધારા વધારા કરાવેલ હોય તેની મને કોઈ માહિતી નથી કે તે પેટે મેં કોઈ રકમ પણ આપેલ નથી. મારા સસરા

ડો. મણીલાલ છગનલાલ પુરોહીતની મીલકતોની કોઇ વહેંચણી થયેલ હોય કે તેનું કોઇ લખાણ થયેલ હોય તેની મને માહિતી નથી. એ વાત ખરી છે કે મારા બાળકો વેકેશન સીવાય દાવાવાળા મકાનમાં રહેલ નથી. એ વાત ખરી નથી કે તા. ૧૧-૧૨-૨૦૦૫ ના રોજ મારા સસરાની મીલકતોની વહેંચણી થયેલ છે અને તેમાં દાવાવાળુ મકાન ભુપેન્દ્રભાઈ પુરોહીતને સોંપેલ છે. એ વાત ખરી નથી કે વહેંચણી થયેલ છે, પરંતુ રેકર્ડમાં નામ ચાલતું હોય ખોટી રીતે હકકદાવો ઉભો કરેલ છે અને તેમાં અમારો કોઇ હકક કે હિસ્સો ન હોવા છતા ખોટો દાવો કરેલ છે અને તેના સર્મથનમાં ખોટી જુબાની આપુ છું.

**(૮.૨)** વધુમાં સદર કામે પ્રતિવાદી નં.૧/૨ મૈયત ભુપેન્દ્રકુમાર મણીલાલના કાયદેસર ના વારસદાર ઉમંગ ભુપેન્દ્રકુમાર પુરોહીત ધ્વારા આંક-૪૪ થી પુરાવાનું સોગંદનામું રજુ કરી આંક-૧૬ થી રજુ કરેલ લેખીત જવાબની હકીકતોને સમર્થનકારી હકીકત જણાવેલ છે અને વાદીનો દાવો ખર્ચસહ રદ કરવા અરજ કરેલ છે.

સદર સાહેદની ઉલટ તપાસ વાદીપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ છે અને તેમાં તેમણે જણાવેલ છે કે એ વાત ખરી છે દાવાવાળી જમીન મારા દાદા ડૉ. મણીલાલ છગનલાલ પુરોહીતની માલીકી ની હતી. એ વાત ખરી છે કે મારા દાદાનું અવસાન થતા હાલના કામના વાદી તથા પ્રતિવાદીઓનુ નામ દાવાવાળી મિલકતના પ્રોપર્ટી કાર્ડમાં ચડેલ છે, સાહેદ ખુલાસો કરતા જણાવે છે કે

મારા દાદાના સૌથી મોટા પુત્ર કુમુદચંદ્રનુ નામ ચઢેલ નથી. એ વાત ખરી છે કે કુમુદચંદ્ર મારા દાદા પહેલા અવસાન પામેલ છે. એ વાતની મને ખબર નથી કે મારા દાદાનુ અવસાન થતાં તેઓની વારસાઈ કરવાની કામગીરી મારા પિતાએ કરેલ કે કેમ ? એ વાત ખરી છે કે મારા પિતાનું અવસાન થતા તેઓની – વારસાઈ કરવાની કામગીરી મે કરેલી. એ વાત ખરી છે કે મે મારા પિતાની વારસાઈ કરાવેલ તે માટે – સોગંદનામુ કરેલ તેમા કુમુદચંદ્રના નામનો ઉલ્લેખ કરેલ નથી. દાવાવાળી મિલકતમાં સમારકામ મારા પિતાએ કરાવેલ અને તેઓએ અન્ય માલીકોની પરવાનગી લીધેલ કે કેમ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે મારા દાદાના મોટા પુત્ર કુમુદચંદ્ર હતા તે વાતની મને દાવો કરતા અગાઉ થી ખબર છે. એ વાત ખરી છે કે મારા સોગંદનામામાં કુમુદચંદ્ર વિષે ઉલ્લેખ કરેલ તે અગાઉ કોઈ કાર્યવાહીમાં તેમના નામનો ઉલ્લેખ કરેલ નથી. એ વાત ખરી છે કે રજુ કરેલ મિલકતના વેરા બીલોમાં મિલકતના માલીક તરીકે જયાબેન મણીલાલનુ તથા વાદીઓના નામ ચાલે છે. એ વાત ની મને ખબર નથી કે મારા દાદાએ કોઈ વીલ કરેલ કે કેમ ? એ વાત ની પણ મને ખબર નથી કે મારા દાદાની મિલકતોમાં ના હિસ્સા બાબતે મારા પિતાએ કોઈ વીલ કરેલ છે કે કેમ ? એ વાત ખરી છે કે આંક ૫૯ માં જણાવેલ સ્થળનું સરનામુ દાવાવાળી મિલકતનુ સરનામુ છે અને તેમા મારા દાદા, પિતા તથા કાકાનુ નામ છે. એ વાત ખરી નથી કે દાવાવાળી મિલકતમાં વાદી તથા પ્રતિવાદી નંબર ૧/૧ ને તેઓનો હિસ્સો આપવો ન પડે તે માટે દાવાવાળી મિલકતમાં ગેરકાયદેસર કબજો લઈ રહી રહેલ છુ અને તે માટે ખોટુ

સોગંદનામુ કરેલ છે અને તેના સમર્થનમાં ખોટી જુબાની આપુ છુ.

## <u>– :: તા ર ણો :: –</u>

### (૯) મુદદા નં.૧ :–

બંને પક્ષકારોની રજુઆત, પ્લીડીંગ્સ તથા રજુ થયેલા દસ્તાવેજી પુરાવા તથા કાયદાકીય સ્થિતી ઘ્યાને લઈએ તો વાદીનો કેસ એવો છે કે તેઓ તથા પ્રતિવાદીઓની મોજે પેટલાદ, તા.પેટલાદ, જી.આણંદના સીટી સર્વેના ટી.પી. સ્કીમ નં.ર, ફાઈનલ પ્લોટ નં.૩૩/૧૧ ની હરીહર હાઉસીંગ કો.ઓ.સોસાયટી લી. માં આવેલ પ્લોટ નં.૧૩ કે જેનું કુલ ક્ષે.૬૩૦ ચો.મી. તથા આશરે ૧૫૦૦ ચો.ફુટ બાંધકામ જેમાં ગ્રાઉન્ડ ફલોર ઉપર બે રૂમ, ડાયનીંગ હોલ, સ્ટોર રૂમ, રસોડુ, સંડાસ–બાથરૂમ બાંધકામ સહિતનું મકાન આવેલ છે, જે વણવહેંચાયેલ મિલકત છે. જેમાં વાદી નં.૧,ર,૩ તથા વાદી નં.૪/૧, ૪/ર, ૪/૩ નો ૪/૫ હિસ્સો તથા વાદી નં.૫/૧, ૫/ર નો ૧/૫ પૈકી ર/૪ હિસ્સો રહેલો છે. જયારે પ્રતિવાદી નં.૧/૧ અને નં.૧/ર નો ૧/૫ પૈકી ર/૪ હિસ્સો રહેલ છે, તે છુટો પાડી તથા વાદીઓના કબજે માલીકી હકકે સોંપવા તથા દાવાવાળા મકાનનમાંથી વાદીઓનો હિસ્સો નકકી થઈ શકે તેમ ન હોય તો દાવાવાળા મકાન રીસીવર મારફતે વેચાણ કરી તેનો જે અવેજ આવે તેમાંથી વાદીઓનો હિસ્સો વાદીને અપાવવા તથા પ્રતિવાદી નં.૧/ર દ્વારા સદર મકાન અન્ય કોઈને ભાગે કે સદર મકાન ઉપર ઈત્તર કોઈ પણ પ્રકારના હકક, હિત, સંબધ, લાગભાગ ઉપસ્થિત કરે કરાવે નહિ તેવો કાયમી તાકીદ પ્રતિવાદી નં.૧/ર વિરુઘ્ધ અપાવવા દાવો કરેલ છે.

હાલના કામે વાદી અરવિંદકુમાર મણીલાલ પુરોહીતે પોતાની દાવા અરજી

તથા આંક–૨૪ ના સરતપાસના સોગંદનામામાં એવી હકીકત જણાવેલ છે કે,

'' ત્યાર થી સીટી સર્વેમાં વારસાઈ હકકે સદર દાવાવાળું મકાન તમામના નામે ચાલતું આવેલ છે. અને અમો સોગંદ ઉપર જુબાની આપનાર વાદી નં.૧ તથા વાદી નં.૨ થી ૫ તથા પ્રતિવાદીઓ દાવાવાળા મકાનના સંયુકત માલીક કબજેદાર છીએ. ''

વધુમાં વાદી નં.૪/૧ કલ્પનાબેન તે બિપિનભાઈ મણીલાલ પુરોહીત નાઓએ આંક–૩૬ થી રજુ થયેલ તેમના પુરાવાના સોગંદનામામાં એવી હકીકત જણાવેલ છે કે,

'' ત્યારથી સીટી સર્વેમાં વારસાઈ હકકે સદર દાવાવાળું મકાન તમામના નામે ચાલતું આવેલ છે. અને અમો સોગંદ ઉપર જુબાની આપનાર વાદી નં.૪/૧ તથા વાદી નં.૧ થી તથા પ્રતિવાદીઓ દાવાવાળા મકાનના સંયુકત માલીક કબજેદાર છીએ. ''

હવે આ અન્વયે વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને તથા વંચાણે લઈએ તો, વાદીએ આંક–૮૧ (નિ.૨૩/૧) થી સદર દાવાવાળા મકાનના પ્રોપર્ટી કાર્ડની નકલ રજુ કરેલ છે, જે વંચાણે લેતા તેમા તા.૬/૧૨/૧૯૯૭ ના રોજ તથા તા.૧૦/૯/૨૦૦૮ ના રોજ નીચે મુજબની નોંધો થયેલ છે.

**તા.૬/૧૨/૧૯૯૭ ના રોજ નીચે મુજબની નોંધ થયેલ છે.**

''ડોકટર મણીલાલ છગનલાલ પુરોહિત તા.૪/૧૧/૯૬ ના રોજ ગુજરી જતા ભુપેન્દ્રભાઈની તા.૨૮/૧૧/૯૬ ની અરજી, જવાબ, પંચકયાસ આધારે વારસાઈની નોંધ કરી.

જે નોંધ મુજબ નીચે મુજબના નામો (સભ્યો) ની એન્ટ્રી થયેલ છે.

(૧) જયાબેન તે ડો. મણીલાલ છગનલાલ પુરોહિતની વિધવા (૨) ભુપેન્દ્રકુમાર મણીલાલ પુરોહિત (૩) અરવિંદકુમાર મણીલાલ પુરોહિત (૪) બિપીનકુમાર મણીલાલ પુરોહિત (૫) રક્ષાબેન મણીલાલ પુરોહિત (૬) વનલીલાબેન મણીલાલ પુરોહિત.

**તા.૧૦/૯/૨૦૦૮ ના રોજ નીચે મુજબની નોંધ થયેલ છે.**

'' રજુ કરેલ અસલ મરણ દાખલા આધારે મણીલાલ છગનલાલ પુરોહીત તા. ૪/૧૧/૧૯૯૬ ના રોજ ગુજરી જતા તેમનું નામ કમી કરી એફીડેવીટ પેઢીનામા સોગંદનામા આધારે વારસદારોના પેઢીનામા પૈકી જયાબેન તે મણીલાલના વિધવા તા.૧૫/૪/૨૦૦૫, ભુપેન્દ્રભાઈ મણીલાલ તા.૧૦/૧/૨૦૦૮ તથા બિપીનભાઈ મણીલાલ તા.૨૨/૧૧/૨૦૦૩ ના ગુજરી ગયેલ હોઈ, તેઓના હયાત વારસદારોના નામ દાખલ કરતી નોંધ કરી. ''

જે નોંધ મુજબ નીચે મુજબના નામો (સભ્યો) ની એન્ટ્રી થયેલ છે.

(૧) લતાબેન તે ભુપેન્દ્રભાઈ મણીલાલના વિધવા (૨) વિમલભાઈ ભુપેન્દ્રભાઈ પુરોહિત (૩) નિશ્ચલ ભુપેન્દ્રભાઈ પુરોહિત (૪) ઉમંગ ભુપેન્દ્રભાઈ પુરોહિત (૫) કલ્પનાબેન તે બિપીનભાઈ મણીલાલની વિધવા (૬) ગુંજન બિપીનભાઈ પુરોહિત તથા જાનકી બિપીનભાઈ પુરોહિત ના વાલી કલ્પનાબેન તે બિપીનભાઈ મણીલાલની વિધવા.

હવે પ્રતિવાદી નં.૧/૨ ઉમંગ ભુપેન્દ્રકુમાર પુરોહિત નાઓએ પોતાના દાવા જવાબ તથા આંક-૪૪ થી રજુ થયેલ સરતપાસના સોગંદનામામાં એવી

હકીકત જણાવેલ છે કે,

'' મોજે ગામ પેટલાદ તાલુકા પેટલાદ જી. આણંદ મધ્યે હરીહર સોસાયટીમાં પેટલાદ સીટી સર્વેના ટીપી સ્કીમ નં.૨ ફાઈનલ પ્લોટ નં.૩૩/૧૧ પેટલાદ નગરપાલીકા વોર્ડ ન.૨ ઘર ન.૧૪૧૦ નુ મકાન વાદીઓ તથા પ્રતિવાદીઓ તથા પુરોહિત કુમુદચંદ્ર મણીભાઈની સંયુક્ત માલીકીનું આવેલ છે. સદરહુ મિલકતના મુળ માલીક મૈયત મણીલાલ છગનલાલ પુરોહિત નું આવેલ હતું. પુરોહિત મણીલાલ છગનલાલ તા. ૪/૧૧/૧૯૯૬ ના રોજ ગુજરી જતા સદર મિલકત કાયદેસર રીતે વારસાઈ હકક મૈયત પુરોહિત મણીલાલ છગનલાલના તમામ વારસદારો નામે જયાબેન (પત્ની) તથા ચાર પુત્રો તથા બે પુત્રીઓ નામે પુરોહિત ભુપેન્દ્રભાઈ તથા પુરોહિત અરવિંદભાઈ તથા પુરોહિત બીપીનભાઈ તથા પુરોહિત કુમુદચંદ્ર જયારે પુત્રીઓ નામે પુરોહિત રક્ષાબેન તથા વનલીલાબેન છે જે પૈકી પુરોહિત જયાબેન તા. ૧૫/૪/૨૦૦૫ ના રોજ મૈયત થયેલ છે જયારે પુરોહિત ભુપેન્દભાઈ તા. ૧૦/૧/૨૦૦૮ ના રોજ મૈયત થયેલ છે જયારે બીપીનભાઈ તા. ૨૨/૧૧/૦૩ ના રોજ મૈયત થયેલ છે તથા પુરોહિત કુમુદચંદ્ર તા. ૧૪/૯/૧૯૯૦ ના રોજ મૈયત થયેલ છે અને તેમની પત્નીનું નામ સરોજબેન તથા બે બાળકો નામે સુનીલભાઈ તથા ભરતભાઈ છે. જે સત્ય હકીકતો વાદીઓ સારી રીતે જાણતા હોવા છતાં દાવા તથા મનાઈ અરજમાં પુરોહિત કુમુદચંદ્ર કે તેમનાં વારસદારોને દાવાનાં કામે દર્શાવેલ નથી કે દાવાના પેરા ૩ મા મૈયત મણીલાલ છગનલાલ પુરોહિતનું પેઢીનામું દર્શાવેલ છે તેમાં પણ જણાવેલ નથી.

આમ વાદીઓના દાવાને પક્ષકારોનો બાધ નડે છે. ''

હવે પ્રતિવાદી નં.૧/૨ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લઈએ તો, તેઓએ આંક–૪૮ થી પેટલાદ નગરપાલીકાની વેરા વસુલાતની પાવતી (૨૦૧૭–૧૮) ની અસલ રજુ કરેલ છે, જેમાં માલીકના નામમાં જયાબેન મણીલાલ છગનલાલના વિધવા, ભુપેન્દ્રકુમાર/અરવિંદકુમાર/બિપીન તેવું લખેલ છે.

આંક–૪૯ થી પેટલાદ નગરપાલીકા માંગણા બિલ ૨૩૪૮ (૨૦૧૭–૧૮) ની અસલ રજુ કરેલ છે, જેમાં માલીકના નામમાં જયાબેન મણીલાલ છગનલાલના વિધવા, ભુપેન્દ્રકુમાર/અરવિંદકુમાર/બિપીન તેવું લખેલ છે.

આંક–૫૦ થી પેટલાદ નગરપાલીકાની વેરા વસુલાતની પાવતી (૨૦૧૪–૧૫) ની અસલ રજુ કરેલ છે, જેમાં માલીકના નામમાં જયાબેન મણીલાલ વિ. તેવું લખેલ છે.

આંક–૫૧ થી પેટલાદ નગરપાલીકાની વેરા વસુલાતની પાવતી (૨૦૧૨–૧૩) ની અસલ રજુ કરેલ છે, જેમાં માલીકના નામમાં જયાબેન મણીલાલ છગનલાલના વિધવા, ભુપેન્દ્રકુમાર/અરવિંદકુમાર/બિપીન તેવું લખેલ છે.

આંક–૫૨ થી પેટલાદ નગરપાલીકાની વેરા વસુલાતની પાવતી (૨૦૧૦–૧૧) ની અસલ રજુ કરેલ છે, જેમાં માલીકના નામમાં જયાબેન મણીલાલ છગનલાલના વિધવા, ભુપેન્દ્રકુમાર/અરવિંદકુમાર/બિપીન તેવું લખેલ છે.

આંક–૫૩ થી પેટલાદ નગરપાલીકાની વેરા વસુલાતની પાવતી

(૨૦૦૯–૧૦) ની અસલ રજુ કરેલ છે, જેમાં માલીકના નામમાં જયાબેન મણીલાલ છગનલાલના વિધવા તેવું લખેલ છે.

આંક–૫૪ થી પેટલાદ નગરપાલીકાની કરોની પહોંચ (૨૦૦૩–૦૪) ની અસલ રજુ કરેલ છે, જેમાં નામમાં જયાબેન મણીલાલ, ભુપેન્દ્રભાઈ મણીભાઈ તેવું લખેલ છે.

આંક–૫૫ થી પેટલાદ નગરપાલીકાની કરોનું બિલ (૨૦૦૩–૦૪) નું અસલ રજુ કરેલ છે, જેમાં નામમાં જયાબેન મણીલાલના વિધવા, ભુપેન્દ્રભાઈ મણીલાલ, છગનલાલ વિગેરે તેવું લખેલ છે.

આંક–૫૬ થી પેટલાદ નગરપાલીકાની કરોની પહોંચ (૨૦૦૩–૦૪) ની અસલ રજુ કરેલ છે, જેમાં નામમાં જયાબેન મણીલાલ છગનલાલ પુરોહીત તેવું લખેલ છે.

આંક–૫૭ થી પેટલાદ નગરપાલીકાની કરોનું બિલ (૨૦૦૨–૦૩) નું અસલ રજુ કરેલ છે, જેમાં નામમાં ડો.જયાબેન મણીલાલ છગનલાલ પુરોહીત વિગેરે તેવું લખેલ છે.

આંક–૫૮ થી નયા પડકારનું બિલ નં.૨૬૮૫૯ (તા.૨૦/૯/૧૯૯૦ ના રોજનું ) અસલ રજુ કરેલ છે, જેમાં મેસર્સના નામમાં ડો. મણીલાલ સી. પુરોહિત પેટલાદ તેવું લખેલ છે.

આંક–૫૯ થી કાળોત્રી અસલ રજુ કરેલ છે, જેમાં ડો. મણીલાલ સી. પુરોહિતના જયેષ્ઠ પુત્ર ચિ.કુમુદચંદ્ર તા.૧૪/૯/૧૯૯૦ ના રોજ મરણ પામેલાની તથા બેસણાની વિગતો લખેલ છે.

આંક–૬૦ થી ટપાલ(પત્ર) અસલ રજુ કરેલ છે, જેમાં ડો. મણીલાલ સી. પુરોહિત નું નામ લખેલ છે.

આંક–૬૧ થી નયા પડકાર સમાચાર પત્રની બેસણાની જાહેરાત રજુ કરેલ છે, જેમાં  કુમુદચંદ્ર નું તા.૧૪/૯/૧૯૯૦ ના રોજ અવસાન થયેલાની હકીકત દર્શાવેલ છે.

આંક–૬૨ થી સર્ટીફિકેટ ઓફ રજીસ્ટ્રેશન ઓફ ડેથની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે, જેમાં કુમુદચંદ્ર મણીલાલ પુરોહિત નાઓ તા.૧૪/૯/૧૯૯૦ ના રોજ મરણ પામેલ હોવાની હકીકત જણાવેલ છે.

આમ વાદીએ તેમની દાવા અરજીમાં વર્ણવેલ ડોકટર મણીલાલ છગનલાલ પુરોહીતના પેઢીનામામાં જે વારસો દર્શાવેલ છે તે ઉપરાંત પ્રતિવાદી નં.૧/૨ નાઓએ એવું જણાવેલ છે કે ગુજરનાર કુમુદચંદ્ર મણીલાલ પુરોહીત નાઓ પણ મણીલાલ છગનલાલ પુરોહિતના વારસદાર હતા, જે હકીકત વાદીએ તેમની દાવા અરજીમાં, તેમના પુરાવાના સોગંદનામામાં કે કોઈ પણ દસ્તાવેજી પુરાવાથી રજુ કરેલ નથી. ઉલ્ટાનું ગુજરનાર કુમુદચંદ્ર તે મણીભાઈના વારસદાર હતા તે હકીકતને પ્રતિવાદી નં.૧/૨ તરફે રજુ થયેલ આંક–૫૮ થી ૬૨ વાળા દસ્તાવેજી પુરાવાથી સમર્થન મળે છે. વધુમાં વાદીએ પ્રતિવાદી નં.૧/૨ નાઓની જે ઉલટ તપાસ લીધેલ છે તેમાં નીચેની હકીકત દ્વારા સમર્થન મળે છે.

'' એ વાત ખરી છે કે કુમુદચંદ્ર મારા દાદા પહેલા અવસાન પામેલ છે. ''

આમ પ્રતિવાદી તરફે ડોકટર મણીલાલ છગનલાલ પુરોહીતના વારસદાર ગુજરનાર કુમુદચંદ્ર મણીલાલ પુરોહીત હોવાની જે હકીકત જણાવવામાં

આવે છે તેને વાદી દ્વારા દાવો દાખલ થયા બાદ પાછળથી પણ પડકારવામાં આવેલ નથી. વધુમાં ગુજરનાર કુમુદચંદ્ર તે મણીલાલ પુરોહિતનાં વારસદાર નથી તેવો કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો વાદી તરફે રજુ કરવામાં આવેલ નથી. આમ, ગુજરનાર કુમુદચંદ્ર તે મણીલાલ છગનલાલ પુરોહિતનાં વારસદાર હોવાની હકીકત '' બિનતકરારી '' બને છે. જેથી વાદીએ દાવા અરજીમાં જણાવ્યા મુજબ વાદીઓ, પ્રતિવાદીઓ ઉપરાંત મૈયત કુમુદચંદ્ર મણીલાલ પુરોહિત પણ ડો. મણીલાલ છગનલાલ પુરોહિતના વારસદાર હોવાનું પુરવાર થાય છે. દાવાવાળું મકાન કે જે ડો. મણીલાલ છગનલાલ પુરોહિતની માલીકીનું આવેલ છે તેમાં વાદી, પ્રતિવાદી તથા મૈયત કુમુદચંદ્ર મણીલાલ પુરોહિતનો હકક હિસ્સો હોવાનું પણ પુરવાર થાય છે. જેથી દાવાવાળુ મકાન વાદી, પ્રતિવાદી તથા મૈયત કુમુદચંદ્ર મણીલાલ પુરોહિત નાઓની સંયુકત માલીકીનું હોવાની હકીકત પુરવાર થાય છે. જેથી મુદદા નં.૧ નો જવાબ '' **અંશત:હકારમાં** '' આપુ છું.

**(૧૦) મુદદા નં.ર અને નં.૩ :-**

ઉપરોકત મુદદા નં.૧ માં કરેલ ચર્ચા મુજબ ડો. મણીલાલ છગનલાલ પુરોહિતનાં વાદીઓ, પ્રતિવાદીઓ ઉપરાંત ગુજરનાર કુમુદચંદ્ર મણીલાલ પુરોહિત નાઓ પણ વારસદાર હોવાની હકીકત પુરવાર થાય છે. જેથી વાદવાળા મકાનમાં ડો. મણીલાલ છગનલાલ પુરોહિતના વારસદારો તમામને વાદવાળા મકાનનો સરખો હિસ્સો મળવાપાત્ર છે એટલે કે વાદી નં.૧ પુરોહીત અરવિંદકુમાર મણીલાલને ૧/૬, વાદી નં.ર પુરોહીત રક્ષાબેન તે મણીલાલ છગનલાલની દિકરી અને ગિરીશકુમાર ત્રિવેદીની પત્નીને ૧/૬, વાદી નં.૩ પુરોહીત વનલીલાબેન

તે મણીલાલ છગનલાલની દિકરી અને મહેન્દ્રકુમાર ભટ્ટની પત્નીને ૧/૬ તથા વાદી નં.૪/૧ કલ્પનાબેન તે બિપીનભાઈ મણીલાલ પુરોહીતની વિધવા, વાદી નં.૪/૨ ગુંજન બિપીનભાઈ પુરોહીત, વાદી નં.૪/૩ જાનકી બિપીનભાઈ પુરોહીત નાઓને સંયુકત ૧/૬ તથા વાદી નં.૫/૧ પુરોહીત વિમલભાઈ ભુપેન્દ્રકુમારને ૧/૬ પૈકી ૧/૩ અને વાદી નં.૫/૨ પુરોહીત નિશ્ચલકુમાર ભુપેન્દ્રકુમારને ૧/૬ પૈકી ૧/૩ તેમજ પ્રતિવાદી નં.૧/૨ ઉમંગ ભુપેન્દ્રકુમાર પુરોહીતને ૧/૬ પૈકી ૧/૩ (પ્રતિવાદી નં.૧/૧ લતાબેન તે ભુપેન્દ્રકુમાર મણીલાલ પુરોહીતની વિધવા કે જેઓ ચાલુ દાવે મરણ ગયેલ હોય ૧/૬ ભાગમાંથી ત્રીજો ભાગ) અને ગુજરનાર કુમુદચંદ્ર મણીલાલ પુરોહિત ના વારસદારો ૧/૬ ભાગ મેળવવા હકકદાર બને છે.

આમ દાવાવાળા મકાનમાં વાદી નં.૧,૨,૩ તથા વાદી ૪/૧, ૪/૨ અને ૪/૩ નો ૪/૫ હિસ્સો તથા વાદી નં.૫/૧ અને ૫/૨ નો ૧/૫ પૈકી ૨/૪ મુજબનો હિસ્સો મેળવવા હકકદાર બનતા ન હોય મુદદા નં.૨ નો જવાબ '' **નકારમાં** '' આપુ છું.

વાદવાળા મકાનમાં વાદી નં.૧ ને ૧/૬, વાદી નં.૨ ને ૧/૬, વાદી નં.૩ ને ૧/૬ તથા વાદી નં.૪/૧, ૪/૨, ૪/૩ નો સંયુકત ૧/૬ હિસ્સો તથા વાદી નં.૫/૧, ૫/૨ તથા પ્રતિવાદી નં.૧/૨ નો સંયુકત ૧/૬ પૈકી દરેકને વ્યકિતગત ૧/૩ હિસ્સો (પ્રતિવાદી નં.૧/૧ ચાલુ દાવે મરણ ગયેલ હોય કુલ ૩ ભાગ) તથા ગુજરનાર કુમુદચંદ્રના વારસદારો ૧/૬ હિસ્સો મેળવવા હકકદાર બને છે અને તે રીતે મુદદા નં.૩ નો જવાબ આપવામાં આવે છે.

**(૧૧) મુદદા નં.૪ :–**

ઉપરોકત ચર્ચા કર્યા મુજબ દાવાવાળા મકાનમાં વાદી, પ્રતિવાદીઓ ઉપરાંત ગુજરનાર કુમુદચંદ્ર મણીલાલ પુરોહીતનો પણ હકક હિસ્સો રહેલ હોવાનું સ્પષ્ટપણે ફલીત થાય છે. હાલના કામે ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદીએ ગુજરનાર કુમુદચંદ્રના વારસદારોને પક્ષકાર તરીકે જોડેલ નથી. આમ કોઈ પણ પક્ષકારની ગેરહાજરીમાં તેઓનો મિલકતમાં હકક હિસ્સો સમાયેલ છે કે કેમ ? તે અંગેનો નિર્ણય કરી શકાય નહિ. એટલે કે તેઓના હિસ્સાના મિલકતની વહેંચણી કરી અન્ય સહમાલીકોને સોંપી શકાય નહિ. આથી સ્પષ્ટ રીતે ગુજરનાર કુમુદચંદ્ર મણીલાલ પુરોહીતના વારસદારો એ હાલના કામે '' NECESSARY PARTY '' બને છે પરંતુ તેઓને હાલના દાવાના કામે પક્ષકાર તરીકે જોડવામાં આવેલ ન હોય હાલના દાવાને '' NECESSARY PARTY '' નો બાધ નડે છે.

વહેંચણના દાવામાં દાવાના કામે તમામ સહમાલીકો/હિસ્સેદારોને પક્ષકાર તરીકે દાવામાં જોડવા જોઈએ અને જો કોઈ પક્ષકારને જોડવામાં ન આવે તો વહેંચણીનો દાવો '' MAINTAINABLE '' નથી તેવા સિધ્ધાંતો નીચે મુજબના ચુકાદામાં પ્રસ્થાપીત કરવામાં આવેલ છે.

1.) Smt. Veena Devi & Ors v/s Smt. Krishna Agnihotri (M.P. High Court) First Appeal No. 23/2003.

2.) Govindrao S/O Gangaramji Ajmire vs Dadarao @ Shrawan S/O Gangaramji Ajmire (Bombay High Court) 2004 (4) MHLJ653

3.) Arulmony vs Thresammal (Died) (Madras High Court) S.A.No. 1779 of 1996

આમ ઉપરોકત ચુકાદામાંના જરૂરી પક્ષકારને લગત સ્ધ્ધિાંતો ધ્યાને લેતા હાલનો દાવો '' MAINTAINABLE '' નથી.

વધુમાં પ્રતિવાદી નં.૧/૨ તરફે રજુ થયેલા નીચે મુજબના ચુકાદાઓમાં પ્રસ્થાપીત થયેલ સિધ્ધાંતોથી પણ તે હકીકતોને સમર્થન મળે છે.

1.) Ease of Sandhya Basu Mallick V. Pramatha Nath Sen, 2017(1) Cal LT 489

2.) Madras High Court Kaliammal vs Karuppan And 2 Others on 3 November, 2000 Equivalent citations: (2001) 1 MLJ 22 Bench: M Karpagavinayagam

3.) AIR 1997 Madras 226 (Shanmugham and others v. Saraswathi and others)

4.) The Andhra Pradesh High Court in case of Nalla Venkateshwarlyu V/s Porise Pullamma and Anr.- AIr 1994 Andhra Pradesh 87.

આમ ઉપરોકત ચુકાદામાંના જરૂરી પક્ષકારને લગત સિધ્ધાંતો ધ્યાને લેતા હાલનો દાવો '' MAINTAINABLE '' નથી.

**(૧૨)** આમ હાલના કામે ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદી એ હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે કે, દાવાવાળુ મકાન તે માત્ર વાદી અને પ્રતિવાદીઓની સંયુકત માલીકીનું ચાલી આવેલ છે. દાવાવાળા મકાનમાં દાવા અરજીમાં જણાવ્યા સીવાયના અન્ય હિસ્સેદારોનો હકક સમાયેલો છે. તેથી મુદદા નં.૪ નો જવાબ '' **નકારમાં** '' આપી મુદદા નં.૫ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## -:: આખરી હુકમ ::-

(૧) વાદીનો હાલનો દાવો આથી **રદ યાને નામંજુર** કરવામાં આવે છે.

(૨) દાવાનો ખર્ચ તમામ પક્ષકારોએ પોત-પોતાનો જાતે ભોગવવો.

(૩) હુકમ મુજબ હુકમનામું દોરવું.

આ હુકમ આજ રોજ તારીખ-૩૧, માહે-ડિસેમ્બર, સને-૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહીં કરી જાહેર કર્યો.

તારીખ : ૩૧/૧૨/૨૦૨૪
સ્થળ : પેટલાદ

(એ.જે.રાણા)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ, પેટલાદ.
Code No.GJ00895